## જન્મદિને વધામણી



**એન પી પટેલ**
મેનેજિંગ ડિરેક્ટર
વેસ્ટર્ન એગ્રી સીડ્સ
પ્રમુખ, કલાગુર્જરી અને
રોટરી ક્લબ ઓફ ગાંધીનગર
મો. ૯૯૨૫૦ ૩૨૬૧૮



**ઉર્પલ રામભાઈ જોષી**
મો. ૯૯૯૮૧ ૧૦૬૫૪



**દેવલબેન જોષી**



**નિમિષા શાહ**

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# સૅન્ટ ઝેવિયર્સ ખાતે 'ક્વેસ્ટ' સફળતાપૂર્વક સંપન્ન





સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ, ગાંધીનગર ખાતે પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા મનોરંજન સાથે જ્ઞાન પીરસતી સ્પર્ધા 'ક્વેસ્ટ-૨૦૧૭'નું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ગાંધીનગર, અમદાવાદ તથા આસપાસની શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લઈ પોતાના કૌશલ્ય સહિત શક્તિ અને બુદ્ધિચાતુર્યનો પરિચય આપ્યો હતો.

'ક્વેસ્ટ ૨૦૧૭'માં પ્રથમ દિવસે વિદ્યાર્થીઓની જ્ઞાન કસોટી કરતી 'ક્વિઝ'ની સ્પર્ધા ડેપ્યુટી કમિશનર ઓફ ઈન્કમટેક્સ રાજકુમાર ચૌહાણના મુખ્ય મહેમાન પદે યોજાઈ હતી. બાળકોની સર્જનાત્મક શક્તિને ઉજાગર કરતા ડીબેટ અને દમસરાજ જેવા કાર્યક્રમો આ આખા ક્વેસ્ટ કાર્યક્રમમાં આકર્ષનું કેન્દ્ર બની રહી હતી. સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના ટીચર દિપાલી ત્રિવેદીએ આ કાર્યક્રમોના ક્રિએટીવ જજ તરીકે સેવાઓ આપી હતી. ડિબેટના જજ તરીકે જાણીતા પ્રાધ્યાપક ડૉ. પ્રણવ જોષીપુરા અને સોનલ જોષીની પ્રેરક ઉપસ્થિતિ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત બની રહી હતી. તા. ૨૧ જુલાઈના રોજ રંગારંગ, મસ્તીભર્યો અંતાક્ષરીનો કાર્યક્રમ વાતાવરણને સંગીતમય બનાવી ગયો હતો. આ દિવસે યોજાયેલી સ્પર્ધામાં શહેરના જાણીતા અગ્રણી ભૌમિક ઠાકર ઉપસ્થિત રહ્યા હતા. સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલના ફાધર દુરાઈના માર્ગદર્શન અને સહયોગથી યોજાયેલી આ બે દિવસીય ઈવેન્ટમાં શહેરની સહજાનંદ સ્કૂલ ઑફ ઍચીવર, ચૈતન્ય સ્કૂલ, માઉન્ટ કાર્મેલ સ્કૂલ, હિલવૂડ્સ સ્કૂલ ઉપરાંત અમદાવાદની સૅન્ટ ઝેવિયર્સ લોયલા સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

આ સમગ્ર ઈવેન્ટ સંયોજક લીના માઈકલના આયોજનમાં સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી.

# સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ ખાતે જેસીઆઈ દ્વારા તાલીમ કાર્યક્રમો



ગાંધીનગર, તા. ૨૮

દેશના પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલકલામની નિર્વાણ જયંતિ (૨૮ જુલાઈ) નિમિત્તે તાલીમ માટે જાણીતી સંસ્થા જેસીઆઈ દ્વારા સતત પાંચ તાલીમ કાર્યક્રમોનું સ્વામી વિવેકાનંદ પબ્લિક સ્કૂલ, સૅક્ટર-૨૪ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. આ તાલીમ કાર્યક્રમનું ઉદ્ઘાટન નહેરુ યુવા કેન્દ્રના યુવા સંયોજક રજનીકાન્ત સુથાર દ્વારા શાળાનાં આચાર્ય હેમલતાબેન, જાગૃતિબેન મહેતા, ધવલ ત્રિવેદી, હિતેશ પરમાર અને ફાલ્ગુની ભાવસારની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ હાલમાં જ એક નવી સિદ્ધિ પ્રાપ્ત કરનાર પ્રોવિઝનલ ઝોન ટ્રેનર જેસીઆઈ પ્રમુખ ડૉ. પરાગી ગાંધી દ્વારા સૌપ્રથમ 'ટાઈમ મેનેજમેન્ટ'ની ટ્રેનિંગ ૩૧ જેટલાં બાળકોને આપવામાં આવી હતી. તાલીમ અંતર્ગત બાળકોને ટેન્શન દૂર કરી પરીક્ષામાં કેવી રીતે સ્વમહેનતથી સારા માર્ક્સ લાવવા તેનું વિવિધ પ્રવૃત્તિઓ, ઉદાહરણો દ્વારા સચોટ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# ઉનાવા હોમગાડ્ર્સ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લા હોમગાડ્ર્સના જિલ્લા કમાન્ડન્ટ અને નાયબ પોલીસ અધિક્ષક ઍમ જે સોલંકીના માર્ગદર્શન હેઠળ ઉનાવા હોમગાડ્ર્સ યુનિટમાં માનદ સેવા આપી રહેલા સભ્યો દ્વારા વાસન હિતવર્ધક કેળવણી મંડળ, વાસન ખાતેના મેદાનમાં વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સંસ્થાના પ્રમુખ ડી જી વાઘેલા, આચાર્ય તથા હોમગાડ્ર્સ જિલ્લાના અધિકારી કે ડી રાજપૂત, ગાંધીનગર યુનિટના ઑફિસર જી ઍમ સોલંકી, ઉનાવા યુનિટ ઑફિસર ઈન-ચાર્જ વિષ્ણુભાઈ પ્રજાપતિ, ઍનસીઓ, હોમગાડ્ર્ઝ સભ્યો દ્વારા ૪૦૦ જેટલાં રોપાઓનું આરોપણ કરવામાં આવ્યું હતું.







નગરની સેવા સંસ્થા શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા પુષ્યનક્ષત્ર નિમિત્તે ભિલોડા તાલુકાની ૯ શાળાઓના વિદ્યાર્થીઓને સુવર્ણપ્રાશનનો લાભ આપવામાં આવ્યો હતો. ઈશ્વરપુરા, લક્ષ્મીપુરા, જાભચિતરીયા, અણસોલ, રંગપુર, નવાગામ તથા ભવાનપુરની શાળાઓના વિદ્યાર્થીઓને આ લાભ આપવામાં આવ્યો હતો. ત્યારબાદ જાભચિતરીયા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ખાતે કુલ ૯૬ વૃધ્ધોને ૩ કિગ્રા ચોખા આપવામાં આવ્યા હતા. વસોયા, પંચમહુડી, જાંબુડી, રંગપુર, કારછા તથા જાભચિતરીયાનાં વૃધ્ધોને આ સેવાકાર્યનો લાભ મળ્યો હતો. ઉપરાંત અણસોલ ખાતે પણ ૧૨ લોકોને ચોખા અને શાલ આપવામાં આવી હતી. સંસ્થા તરફથી મહર્ષિ સુથાર, યોગેશભાઈ, ગામેતીભાઈ અને મિલિન્દભાઈ આ સેવાકાર્યોમાં જોડાયા હતા.

## ટાઉનહૉલમાં આજે દીકરી વિષયક નાટક દીકરી મારી લાડકવાયી

ગાંધીનગર, તા. ૨૮

મધુરમ ફાઉન્ડેશન દ્વારા 'બેટી બચાવો, બેટી પઢાવો' સંકલ્પને સાર્થક કરવા 'મારી દીકરી લાડકવાયી' નામક એક નાટકનું મંચન શનિવાર, તા. ૨૯ જુલાઈના રોજ ગાંધીનગર ટાઉનહૉલ ખાતે રાત્રે ૯ કલાકે કરવામાં આવ્યું છે. સંસ્થાના સભ્યો ઉપરાંત અન્ય સંસ્થાના હોદ્દેદારો પણ સંસ્થાના પ્રમુખ, મંત્રી પાસેથી પાસ મેળવીને આ નાટકનો આનંદ માણી શકશે, એમ સંસ્થા દ્વારા જણાવવામાં આવ્યું છે.

## આર સી પટેલ સ્કૂલ ખાતે વ્યક્તિગત પ્રતિભા કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૨૮

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર સી પટેલ સૅકન્ડરી અને હાયર સૅકન્ડરી સ્કૂલ ખાતે વ્યક્તિગત પ્રતિભા કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત વિદ્યાર્થીઓ માટે આઠ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના શિક્ષક યતિનભાઈ પરીખ અને ઋચાબેન જાનીના માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરવામાં આવ્યું હતું.

રંગોળી સ્પર્ધામાં મયુર જાદવ, ડ્રોઈંગની સ્પર્ધામાં પ્રીત શાહ, ચૅસ સ્પર્ધામાં રૂદ્ર પાઠક, મહેંદી સ્પર્ધામાં તૃપ્તિ મેણા, સિંગિંગની સ્પર્ધામાં જય સોની, ડાન્સિંગમાં પાર્થ તન્ના, કરાટેમાં કુલદિપ વાઘેલા અને એકપાત્રીય અભિનય સ્પર્ધામાં ગજેન્દ્ર ભાટી વિજેતા નીવડ્યા હતા.

કાર્યક્રમના નિર્ણાયક તરીકે જિજ્ઞાબેન સોની, ધર્મિષ્ઠાબેન પટેલ, કૃષ્ણવીર ઝાળા, મુકેશભાઈ પટેલ, મલ્લિકાબેન પટેલ અને શ્વેતલભાઈ પાઠકે પોતાની સેવાઓ આપી હતી.

# સંબંધોનું પણ સાવ વરસાદ જેવું છે

**વાત-વાતમાં**
**કુંતલ નિમાવત**
knn786@gmail.com

ગમે તે પરિસ્થિતિમાં મોજ કરે એ ગુજરાતી. વરસાદની કપરી પરિસ્થિતિમાં પણ ગુજરાતીઓએ સોશિયલ મીડિયા પર ચુટકુલાઓની જે ભરમાર ચલાવી છે, એ પૈકીના કેટલાક અંશ પ્રસ્તુત છે.

●

બીજું બધું જવા દો, મને એમ કહે કે વરસાદને કોણે કહ્યું, કુછ દિન તો ગુઝારો ગુજરાત મેં!

●

કઈ વસ્તુ પાણીમાં જલદી ઓગળી જાય છે?

ખાંડ? ... ખોટું

મીઠું?.... ખોટું

સરકારી કોન્ટ્રાક્ટરે બનાવેલા રોડનો ડામર!

●

આ કોઈના ચપ્પલ વરસાદમાં વહીને અહીં આવી ગયાં છે. એની તસવીર એટલી શેર કરો કે વાઈરલ થઈ જાય ને ચપ્પલ યોગ્ય માલિક સુધી પહોંચી જાય!

●

રસ્તા હેમા માલિનીના ગાલ જેવા લાગતા હોય ત્યારે નેતાઓ રોડ શો કરે અને વરસાદ બાદ રસ્તા ઓમ પુરીના ગાલ જેવા થઈ જાય ત્યારે ઍર શો કરે!

●

કોઈપણ રોડનું નામ મોટી હસ્તીને નામે રાખવા કરતાં ત્યાં બૉર્ડ મારી તેની ઉપર રોડ બનાવનાર કૉન્ટ્રાક્ટરનું નામ, નંબર અને રોડ બનાવ્યાની તારીખ લખવી જોઈએ.

●

વિડમ્બના તો જુઓ...

રિમઝિમ વરસાદની મૉસમ અને ફરક પરિસ્થિતિનો -

અમીરોને મસ્તી સૂઝી રહી છે અને ગરીબોની વસ્તી ડૂબી રહી છે.

●

બહુ વરસ્યો હે મેઘા, તેં તોડ્યાં નદી ને નાળ, હવે તો થોભી જા નાથ, મારા ભૂખ્યાં છે બાળ.

●

યજ્ઞ કરવાથી વરસાદ પડે તો યજ્ઞ કરવાથી બંધ ના થઈ જાય?

દેડકા-દેડકીનાં લગ્ન કરાવવાથી વરસાદ પડે તો છૂટાછેડા કરાવવાથી બંધ ના થઈ જાય?

●

આ વખતે ટીંટોડીએ ઈંડા બુર્ઝ ખલીફા પર મૂક્યાં લાગે છે.

●

લાગે છે કે આ વરસાદ પણ જીઓ વાપરે છે.

રોજ ૧ જીબી વરસે છે અને એય પાછો ૪જી સ્પીડે!

●

એક કર્મચારીએ બૉસને મૅસેજ કર્યો, બહુ વરસાદ છે ને મારા ઘર પાસે બહુ પાણી ભરાઈ ગયાં છે એટલે હું ઑફિસ નહીં પહોંચી શકું.

બૉસે વળતો જવાબ આપ્યો, 'તેં તારા રિઝ્યુમમાં લખ્યું હતું કે તું સ્વીમિંગ ચૅમ્પિયન છે. આવી જા તરીને. મળીએ છીએ ઑફિસે.'

●

આ ધોધમાર વરસાદમાં પણ તરસ્યો રહી ગયો,

એ આધુનિક માણસ મિનરલ વૉટર શોધતો રહી ગયો!

●

વરસાદ આવ્યો, ભજિયાં બનાવો... આવો હુકમ પત્નીને ન કરાય. હંમેશાં એક કવિની માફક એને કહેવાય, કહું છું, સાંભળો છો! આ વરસાદ સારો જામ્યો છે, ડુંગળી-બટાટાંને પીળાં પીતાંબર પહેરાવી ગરમ તેલમાં સ્નાન કરાવો!

સંબંધોનું પણ સાવ વરસાદ જેવું છે. ક્યારેક ધાર્યું હોય કે ધમધોકાર, અનારાધાર, બેસૂમાર વરસશે... ત્યારે સાવ કોરાધાકોર રાખે.

ને ક્યારેક સાવ આમ જ અણધાર્યા, ઘરની એક અધખુલ્લી રહી ગયેલી બારીમાંથી વાછટની જેમ આવીને, ત્રાટકીને તરબોળ, તરબતર ને તરોતાજા કરી મૂકે!

●

રાજકોટમાં વરસાદેય કાઠિયાવાડી.

બપોરે એ વાગ્યે બંધ થાય ને ૪ વાગ્યે ચાલુ થાય.

૧થી ૪ બંધ એટલે બંધ!

●

સરેઆમ ટ્રાફિક તોડી પાળ ઓળંગે છે,

શહેરનો ધોધમાર વરસાદ એની હદ ઓળંગે છે.

●

ના કર આંખોની લેવડ-દેવડ વરસતા વરસાદમાં...

એક તો ભીંજાયેલો છું ને તું વધારે ભીંજવે છે.

●

ગોરંભાયેલું આકાશ પણ અપસૅટ લાગે છે,

મિલનની ઘડીઓનું કરતું વેઈટ લાગે છે.

આવ્યું નથી રે આજ છાપું
ને આભ આજ ઘેરાયું વરસાદે પાછું
છાપું નથી તો આજે આકાશે જોવાનો
મળ્યો સવારના જ ટાઈમ
હીંચકા પર ઝૂલતાં હું જોઉં વરસાદને,
કોફી પણ લાગે છે ફાઈન
કોકવાર જીવવા મળે છે આવી મસ્તી,
હાથ આવી તો પાછી ન આપું
વાદળના ગડગડાટ, વીડળીના
કડકડાટ દૂહા ને છંદમાં તો જાણીએ
આંગણ આવ્યો છે આ આકાશી
અવસર તો મન મૂકી એને પણ
માણીએ
રામો, મહારાજ બેઉ આવવાનાં
નહીં, એમાં પત્નીને મૂડ હું આપું
સંગાથે માણીએ આ મેઘલ સવાર,
એવો મૂક્યો મેં મીઠો પ્રસ્તાવ
પણ પત્નીના મન ઉપર ચિંતા
રસોઈની, ઘડિયાળને કાંટે સવાર
ઝાલીને હાથ એને બેસાડું પાસ કે આ
રોમેન્ટિક ઈચ્છા ઉથાપું
આજ આવ્યું નથી રે ઘેર છાપું

- તુષાર શુક્લ

## ડાયરેક્ટ ❤ સે

જે નિરાશાને કદી જોતો નથી
તે આશા કદી ખોતો નથી
જે પ્રયત્ન પર જીવી જાણે છે
તે કદી કિસ્મત પર રોતો નથી

## ડેઈલી કરંટ

દર્શન મારૂ
95862 87447

(૧) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પૂર્વ રાષ્ટ્રપતિ એપીજે અબ્દુલકલામની પુણ્યતિથિએ કયા સ્થળે સ્મારકનું ઉદ્ઘાટન કર્યું હતું?
(એ) દિલ્હી
(બી) રામેશ્વરમ
(૩) ગુવાહાટી
(૪) આબુ

(૨) દિલ્હી લૉન ટેનિસ એસોસિએશનના માર્ગદર્શક તરીકે કયા ટેનિસ ખેલાડીની નિયુક્તિ કરવામાં આવી છે?
(એ) સોમદેવ દેવર્મન
(બી) પ્રણિથ
(૩) અજય રાજે
(૪) વિજય દેવરાજ

(૩) ૨૦૧૭માં ઉત્તરાખંડમાં થયેલા સર્વે મુજબ રાજ્યમાં વાઘની સંખ્યા વધીને કેટલી થઈ છે?
(એ) ૨૪૧
(બી) ૨૪૨
(૩) ૨૪૩
(૪) ૨૪૪

(૪) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રામ જન્મભૂમિ અયોધ્યાથી કયા સ્થળ સુધીની રેલવે સેવાનો પ્રારંભ કરાવ્યો છે?
(એ) વિજયવાડા
(બી) કન્યાકુમારી
(૩) તંમવુર
(૪) રામેશ્વરમ

(૫) બિહારના મુખ્યમંત્રી પદે નિતિશકુમારે કેટલામી વખત શપથ ગ્રહણ કર્યા હતા?
(એ) બીજી
(બી) ચોથી
(૩) છઠ્ઠી
(૪) આઠમી

(૬) બિહારમાં જેડીયુ પક્ષે કયા પક્ષ સાથે ગઠબંધન કર્યું છે?
(એ) બીજેપી
(બી) ઍલજેપી
(૩) જેઍમઍમ
(૪) બીજેડી

(૭) બિહારના નાયબ મુખ્યમંત્રી પદે તાજેતરમાં ભાજપના કયા નેતાએ શપથ લીધા છે?
(એ) શતપાલ મોદી
(બી) સુશીલ મોદી
(૩) ઈન્દ્રવદન મોદી
(૪) અજય મોદી

(૮) ૨૦૧૭માં કારગિલ વિજય દિવસ ક્યારે મનાવવામાં આવ્યો હતો?
(એ) ૨૬ જુલાઈ
(બી) ૨૭ જુલાઈ
(૩) ૨૮ જુલાઈ
(૪) ૨૫ જુલાઈ

(૯) ૨૦૧૭માં ભારતના કયા રાજ્યની સરકારે ડિજીટલ સાક્ષરતા અભિયાનનો પ્રારંભ કર્યો છે?
(એ) પંજાબ
(બી) કેરલ
(૩) કર્ણાટક
(૪) ઝારખંડ

(૧૦) ગુજરાતમાં પૂર રાહત માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કેટલા કરોડની સહાયની જાહેરાત કરી છે?
(એ) ૫૦૦ કરોડ
(બી) ૬૦૦ કરોડ
(૩) ૭૦૦ કરોડ
(૪) ૮૦૦ કરોડ